શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

સને : ૨૦૧૬-૨૦૧૭



# 50 Years

## સુવર્ણ જયંતિ વર્ષ

૧૯૬૭-૨૦૧૭

**૫૦મો વાર્ષિક અહેવાલ**



| | | |
|---|---|---|
| સભાસદ સંખ્યા | : | ૧,૨૧૫ |
| કરજદાર સભ્ય સંખ્યા | : | ૫૯૩ |
| મંજૂર થયેલ શેર ભંડોળ | : | ૪,૦૦,૦૦,૦૦૦/- |
| વસુલ આવેલ શેર ભંડોળ | : | ૩,૬૫,૩૪,૩૧૦/- |
| થાપણ | : | ૨૦,૭૦,૮૪,૯૫૦/- |
| રીઝર્વ ફંડ | : | ૧,૨૧,૮૦,૮૦૮/- |

૧૬૨/૧, આનંદ વાટિકા, સેક્ટર-૨૨,
ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૨૫૭૩૨

ઓડિટ વર્ગ : ઓડિટ બાકી

બેન્કર્સ : ધી અમદાવાદ ડી. કો. ઓ. બેંક લી., પાટનગર શાખા, સેક્ટર-૧૬, ગાંધીનગર

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## કાર્યવાહક મંડળ
## ૨૦૧૬-૨૦૧૭



પ્રમુખશ્રી
**મનુભાઈ એલ. પટેલ**
રાંધેજા વિભાગ



મંત્રીશ્રી
**ભરતકુમાર ડી. ગોહિલ**
અડાલજ વિભાગ



ઉપપ્રમુખશ્રી
**પ્રતાપભાઈ એચ. ખાંટ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**હર્ષદકુમાર સી. પટેલ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**જયેશકુમાર બી. પટેલ**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**હસમુખભાઈ સી. પટેલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**અશ્વિનકુમાર એમ. પટેલ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**મહેન્દ્રકુમાર. એસ. રાઠોડ**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**રાજેશકુમાર ટી. નાયી**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**રમેશભાઈ એમ. ચૌહાણ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**ધર્મેન્દ્રભાઈ કે. પટેલ**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**ગિરિશભાઈ કે. પટેલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**અરવિંદભાઈ એમ. પ્રજાપતિ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**મુકેશકુમાર એ. પટેલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**સરદારસિંહ એસ. પટેલીયા**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**કાનજીભાઈ જી. અસારી**
ડભોડા વિભાગ



આમંત્રિત કારોબારી સભ્યશ્રી
**દિપ્તીબેન પી. પરમાર**
અડાલજ વિભાગ

## કાર્યવાહક મંડળ ૨૦૧૬-૨૦૧૭

| નં. | નામ | હોદ્દો | શાળા |
|---|---|---|---|
| ૧. | **શ્રી મનુભાઈ લાલજીદાસ પટેલ** | **પ્રમુખ** | **મુ.શિ. ટીંટોડા પગાર કેન્દ્ર શાળા** |
| ૨. | શ્રી પ્રતાપભાઈ હરિભાઈ ખાંટ | ઉપ પ્રમુખશ્રી | મ.શિ. ડભોડા પગાર કેન્દ્ર શાળા |
| ૩. | શ્રી હર્ષદકુમાર ચીમનભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મુ.શિ. ચિલોડા પગાર કેન્દ્ર શાળા |
| ૪. | શ્રી જયેશકુમાર બાબુભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ. હુડકો ભાટ પ્રાથમિક શાળા |
| ૫. | શ્રી હસમુખભાઈ ચીમનલાલ પટેલ | કા. સભ્યશ્રી | મુ.શિ. પેથાપુર કન્યા-૧ પ્રાથમિક શાળા |
| ૬. | શ્રી અશ્વિનકુમાર મથુરભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ. સોરાબપુરા પ્રાથમિક શાળા |
| ૭. | શ્રી મહેન્દ્રકુમાર સવજીભાઈ રાઠોડ | કા. સભ્યશ્રી | મ.શિ.વિસતમાતા પ્રાથમિક શાળા |
| ૮. | શ્રી રાજેશકુમાર ત્રિભોવનદાસ નાયી | કા. સભ્યશ્રી | મ.શિ. દંતાલી પ્રાથમિક શાળા |
| ૯. | શ્રી રમેશભાઈ માસંગજી ચૌહાણ | કા. સભ્યશ્રી | મ.શિ. ધણપ પ્રાથમિક શાળા |
| ૧૦. | શ્રી ધર્મેન્દ્રભાઈ ખોડાભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ. પોર પ્રાથમિક શાળા |
| ૧૧. | શ્રી ગિરીશભાઈ કચરાભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ. જનતાનગર પ્રાથમિક શાળા |
| ૧૨. | શ્રી અરવિંદભાઈ મંગાભાઈ પ્રજાપતિ | કા. સભ્યશ્રી | મ.શિ. ગણપતપુરા પ્રાથમિક શાળા |
| ૧૩. | શ્રી મુકેશકુમાર અમૃતભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ. ફતેપુરા પ્રાથમિક શાળા |
| ૧૪. | શ્રી સરદારસિંહ સાયબાભાઈ પટેલીયા | કા. સભ્યશ્રી | મ.શિ. જીવણપુરા પ્રાથમિક શાળા |
| ૧૫. | શ્રી કાનજીભાઈ ગલજીભાઈ અસારી | કા. સભ્યશ્રી | મ.શિ. નવાપુરા પ્રાથમિક શાળા |
| ૧૬. | શ્રી દિપ્તીબેન પ્રવિણભાઈ પરમાર | આમંત્રિત<br>કા.સભ્યશ્રી | મ.શિ.નવા કોબા પગાર કેન્દ્ર શાળા |

## મંત્રીશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧. | **શ્રી ભરતકુમાર દેવરામભાઈ ગોહિલ** | **મંત્રીશ્રી** | **મ.શિ. ઝુંડાલ પ્રાથમિક શાળા** |

## આંતરિક ઓડીટરશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી નીરૂબેન નંદુભાઈ પટેલ | ઓડીટરશ્રી | મુ.શિ. જૂના કોબા પ્રાથમિક શાળા |
| ૨. | શ્રી દિનેશભાઈ ચતુરભાઈ પટેલ | ઓડીટરશ્રી | મ.શિ. પેથાપુર કન્યા-૧ પ્રાથમિક શાળા |
| ૩. | શ્રી પુષ્પાબેન કલ્યાણભાઈ સોનારા | ઓડીટરશ્રી | મ.શિ.છાલા પગાર કેન્દ્ર શાળા |

## કાર્યાલય કર્મચારીગણ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી મન્વેશકુમાર રામાભાઈ પટેલ | કાર્યાલય મંત્રીશ્રી |
| ૨. | શ્રી આકાશ દિપકભાઈ સોની | કાર્યાલય મંત્રીશ્રી |
| ૩. | શ્રી જીગર મથુરભાઈ રાવળ | સેવક |

# આમંત્રણ

## વાર્ષિક સાધારણ સભા

**સન્માનનીય સભાસદ ભાઈઓ-બહેનો,**

જયભારત સહ જણાવવાનું કે, શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.ની સને ૨૦૧૬-૨૦૧૭ના વર્ષની **સાધારણ સભા તા. ૨૯-૦૬-૨૦૧૭ ને ગુરૂવાર** ના રોજ બપોરના ૨-૦૦ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગરમાં મળશે. જેમાં તમામ સભાસદ ભાઈ-બહેનોને હાજરી આપવા હાર્દિક નિમંત્રણ છે.

## એજન્ડા

૧. ગત સભાનો અહેવાલ મંજૂર કરવા બાબત.
૨. સને ૨૦૧૬- ૨૦૧૭ ના વર્ષમાં વ્યવસ્થાપક મંડળે કરેલ ઠરાવોને બહાલી આપવા બાબત.
૩. સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષનું સરવૈયું મંજૂર કરવા બાબત.
૪. સને ૨૦૧૬-૨૦૧૭ ના નફાની કાર્યવાહક મંડળ દ્વારા કરેલ વહેંચણીને બહાલી આપવા બાબત.
૫. સને ૨૦૧૭-૨૦૧૮નું અંદાજપત્ર (બજેટ)નું વાંચન કરવા બાબત.
૬. સને ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટે નિમાયેલા પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીને બહાલી આપવા બાબત.
૭. સને ૨૦૧૭-૨૦૧૮ માનદ આંતરિક ઓડિટરશ્રીઓની નિમણૂંકને બહાલી આપવા બાબત.
૮. સને ૨૦૧૬-૧૭ના મંડળીના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, તથા મંત્રીશ્રીનું સન્માન કરવા બાબત.
૯. તા. ૦૧-૦૬-૨૦૧૬થી ૩૧-૦૫-૨૦૧૭ સુધીમાં નિવૃત થયેલ મંડળીના સભાસદ ભાઈઓ-બહેનોનું સન્માન કરવા બાબત.
૧૦. તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવા બાબત.
૧૧. પ્રમુખ સ્થાનેથી રજૂ થાય તે.

**મનુભાઈ લાલજીદાસ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**ભરતકુમાર દેવરામભાઈ ગોહિલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**નોંધ :- "સાંજનું સ્વરૂચિ ભોજન સાથે લઈશું"**

તા.ક. (૧) સભા મળવાના સમયથી એક કલાક સુધીમાં કોરમ થયું નહીં હોય તો એક કલાક બાદ તે જ સ્થળે સભાનું કામકાજ એજન્ડા પ્રમાણે કરવામાં આવશે. જે કાયદેસર ગણાશે.
(૨) મંડળીના પ્રશ્નો બાબતે જે માહિતી જોઈતી હોય તે બાબતે મીટીંગના દસ દિવસ અગાઉ મંડળીના કાર્યાલયથી મેળવી લેવી. તેમજ પ્રશ્નો-સૂચનો દસ દિવસ અગાઉ લેખિતમાં રજૂ કરવા.

## પ્રમુખશ્રીનું નિવેદન

આદરણીય સભાસદ શિક્ષક ભાઈઓ / બહેનો,

સાદર નમસ્કાર



મનુભાઈ લાલજીદાસ પટેલ
પ્રમુખશ્રી
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

આપણી મંડળીની ૫૦મી વાર્ષિક સાધારણ સભામાં આપ સૌનુ હાર્દિક સ્વાગત કરતાં આનંદની લાગણી અનુભવું છું.

આપણી મંડળી સને ૨૦૧૬-૧૭ નું હિસાબી વર્ષ પૂરું કરી ૫૧માં વર્ષમાં વિકાસની કેડી પર આપ સૌના સાથ સહકારથી આગેકૂચ કરી રહેલ છે. વ્યવસ્થાપક મંડળે ભલામણ કરેલ વર્ષ ૨૦૧૬-૨૦૧૭ નો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં હું આનંદની લાગણી અનુભવું છું.

મને આશા છે કે આ અહેવાલના અભ્યાસ દ્વારા આપ સૌને જણાશે કે વહીવટમાં સુગમતા અને ચોક્કસ દિશા આપીને મંડળીની પ્રગતિમાં હરણ ફાળ ભરીને વિકાસના પંથે આગેકૂચની દિશામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેના પરિણામ સ્વરૂપે આપણી મંડળીનો પારદર્શક વહીવટ અને આ વર્ષનો નફો આપની સામે છે.

સંપ - સેવા - સહકાર - સંગઠનની ભાવનાના પાયા પર રચાયેલી આપણી મંડળીને પ્રગતિ તરફ લઈ જનાર એ પૂર્વ આદ્ય સંસ્થાપકોને યાદ કરતા થાપણદારો અને સભાસદ ભાઈ-બહેનોને ખૂબ ખૂબ સન્માન સાથે અહીં આવકારું છું.

૧. **સભાસદ સંખ્યા :** ગત વર્ષ આખરે સભાસદ સંખ્યા ૧૧૯૦ હતી. વર્ષ દરમ્યાન ૫૬ સભાસદો નવા દાખલ થયેલ છે તેમજ વયનિવૃત્તિ, તાલુકા / જીલ્લા / શહેર વિસ્તાર ફેરબદલી, સ્વૈચ્છિક રાજીનામાના કારણે ૩૧ સભાસદોના રાજીનામા મંજૂર થતાં વર્ષ આખરે ૧૨૧૫ સભાસદો બાકી રહે છે.

૨. **શેરભંડોળ :** ગત વર્ષ આખરે શેરભંડોળ રૂા.૩,૧૦,૦૦ ,૧૨૦ હતું. તેમાંથી રૂા. ૬,૪૨,૬૧૦/- પરત ચૂકવ્યા તથા ચાલુ વર્ષના અંતે રૂા. ૬૧,૭૬,૮૦૦/- નો શેરભંડોળમાં વધારો થતાં વર્ષ આખરે રૂા. ૩,૬૫,૩૪,૩૧૦/- શેરભંડોળ થયેલ છે.

૩. **કરજ :** ગયા વર્ષ આખરે કરજ રૂા.૨૭,૪૩,૭૫,૭૦૦/- બાકી હતું. જેમાં વર્ષ દરમ્યાન રૂા.૨૮,૨૨,૮૯,૮૦૦/- કરજ વસુલાત આવેલ છે. તેમજ રૂા.૨૯,૩૭,૯૫,૧૦૦/- કરજ ધીરાણ કરતાં વર્ષ આખરે રૂા.૨૮,૫૮,૮૧,૦૦૦/- કરજ બાકી રહે છે.

૪. **નફો :** ચાલુ વર્ષના સમયગાળા દરમિયાન વહીવટી ખર્ચમાં કરકસર કરેલ છે. ફરજીયાત બચત પર વ્યાજ, કરજ વ્યાજ વળતર, નિવૃત્તિ યોજના ફંડ, ડેથ ફાળો, સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવણી ફંડ વગેરેની જોગવાઈ કર્યા બાદ મંડળીએ રૂા.૪૦,૬૮,૩૭૬/- નો નફો કરેલ છે.

૫. **નફાની વહેંચણી :** ચાલુ વર્ષે મંડળીએ આપણા સભાસદોને ફરજીયાત બચત પર ૮.૫૦% વ્યાજ, શેર ડિવિડન્ડ ૮.૦૦% તેમજ વ્યાજ વળતર ૧.૫૦% ચૂકવવાનું કાર્યવાહક મંડળે ભલામણ કરેલ છે.

૬. **કરજ લેનાર સભ્યો :** આપણી મંડળીના કુલ સભાસદો ૧૨૧૫ છે. જે પૈકી કરજ લેનાર સભાસદોની સંખ્યા ૫૯૩ છે. કરજ નહીં લેનાર સભાસદોની સંખ્યા ૬૨૨ છે.

૭. **સભાસદ થાપણ :** ગત વર્ષના અંતે આપણી મંડળીમાં રૂા.૨૦,૩૧,૬૭,૫૫૦/- થાપણ જમા હતી. જેમાં ચાલુ વર્ષે તમામ શિક્ષકના નોમિનલ સભ્યોની થાપણ રકમ પરત આપવા ઉપરાંત નવી થાપણ રૂા. ૩૯,૧૭,૪૦૦/- નો વધારો થતાં વર્ષ આખરે રૂા.૨૦,૭૦,૮૪,૯૫૦/- થાપણ જમા થયેલ છે.

૮. **કાર્યવાહક કમિટી :** ચાલુ વર્ષ દરમિયાન કાર્યવાહક મંડળની કુલ ૧૨ બેઠક મળી. જેમાં ૬૫૩ અરજીનો નિકાલ કરવામાં આવ્યો.

૯. **નિવૃત્તિ/ડેથ બેનીફીટ યોજના :** વર્ષ દરમિયાન ૩૧ સભાસદોનાં રાજીનામાં મંજૂર થતાં જેમાંથી યોજનામાં જોડાયેલા ૨૦ નિવૃત્ત સભાસદોને રૂા.૨,૧૪,૦૦૦/- નો નિવૃતી ફાળો તેમજ ડેથ ફાળા યોજના (૫૦%) માં જોડાયેલ ૧ સભાસદના વારસદારને રૂા.૪૫,૦૦૦/- ડેથ ફાળો ચૂકવી આપેલ છે.

૧૦. **દફતર તપાસણી :** તા.૧-૪-૨૦૧૬ થી ૩૧-૩-૨૦૧૭ સુધીનું ઓડિટ માનદ્ ઓડિટરશ્રીઓએ ઓડિટ કરેલ છે. (સને : ૨૦૧૫-૧૬, સને : ૨૦૧૬-૧૭નું સરકારી પેનલ ઓડિટ બાકી છે.)

૧૧. **ફરજીયાત બચત :** ફરજીયાત બચત યોજનામાં ગત વર્ષે રૂા.૫,૯૮,૨૬,૩૫૦/- જમા હતા જેમાં ચાલુ વર્ષમાં રૂા.૯૯,૫૪,૫૦૦/- નો વધારો થતાં વર્ષ આખરે રૂા.૬,૯૭,૮૦,૮૫૦/- ફરજીયાત બચત ખાતે જમા થયેલ છે.

૧૨. **પ્રોત્સાહિત ઈનામ :** ચાલુ વર્ષમાં ગાંધીનગર તાલુકાની સરકારી પ્રાથમિક શાળામાં પ્રિ. ગુણોત્સવના પેપર સેટ આપી વિદ્યાર્થીઓના વિકાસ માટે પ્રોત્સાહન પૂરું પાડેલ છે.

આજે મંડળીના ૫૦ વર્ષ પૂર્ણ કરી ૫૧ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે તે નિમિત્તે "સુવર્ણ જયંતિ મહોત્સવ" ઉજવણીના ભાગ રૂપે દર વર્ષની જેમ આ વર્ષે પણ કાચા નફામાંથી રૂા.૧૩,૫૦,૦૦૦/- ની જોગવાઈ કરેલ છે.

ચાલુ વર્ષે સભાસદોને ૧૦ લાખ સુધીનું ધિરાણ આપવાનું ચાલુ કરેલ છે. ડિજીટલ ઈન્ડિયાના ભાગરૂપે દરેક શાળાઓને હપ્તાપત્રક ઈ-મેલ દ્વારા મોકલવાની સુવિધા ચાલુ કરેલ છે.

મંડળીના પ્રમુખ તરીકે મારી સર્વાનુમતે નિયુક્તિ કરવામાં મહત્વની ભૂમિકા ભજવનાર મારા પરમ સ્નેહી મિત્ર શ્રી હસમુખભાઈ પટેલ તથા રાંધેજા વિભાગના કારોબારી સભ્યશ્રીઓ સરદારસિંહ, મુકેશભાઈ, ગિરીશભાઈનો આભાર વ્યક્ત કરું છું. મને મંડળીના પ્રમુખ તરીકે ઉત્કૃષ્ઠ કામગીરીમાં સાથ સહકાર આપી મારો ઉત્સાહ વધારનાર મારા વડીલશ્રીઓ, મિત્ર, સભાસદ ભાઈ-બહેનોનો ખૂબ જ ઋણી છું.

સંસ્થાના વહીવટમાં માર્ગદર્શન આપનાર મારા સ્નેહી મિત્રો, ઉપપ્રમુખ પ્રતાપભાઈ, પૂર્વ પ્રમુખશ્રી/મંત્રીશ્રીઓ, સર્વશ્રી, મેરાજભાઈ રબારી, હર્ષદભાઈ પટેલ, જયેશભાઈ પટેલ, રમેશભાઈ ચૌહાણ, અશ્વિનભાઈ પટેલ તથા તમામ કારોબારી સભ્યશ્રીઓ, મંડળીના વહીવટમાં કડીરૂપ તમામ પગાર કેન્દ્ર શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓ, ટીંટોડા પગાર કેન્દ્રની તમામ શાળા પરિવારનો હું અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરું છું.

ચાલુ વર્ષે મંડળી સુવર્ણ જંયતિ મહોત્સવની ઉજવણી કરી રહી છે ત્યારે ઉજવણીના ભાગરૂપે સોવિનિયર કમ ડિરેકટરી નિર્માણ તથા શુભેચ્છા સંદેશ તથા કોર્મશીયલ જાહેરાતો એકત્ર કરવા માટે સક્રિય ભૂમિકા ભજવનાર સોવિનિયર સમિતિ, જનરલ સમિતિ, તથા તમામ કારોબારી સભ્યશ્રીઓનો આભાર વ્યક્ત કરું છું. આ કામગીરીમાં વિશેષ જવાબદારી અદા કરનાર શાહપુર પ્રાથમિક શાળાના મુ.શિ. અશ્વિનભાઈ પ્રજાપતિનો હું અંતઃકરણ આભાર વ્યક્ત કરું છું.

મંડળીના દૈનિક વહીવટમાં સદા નિયમિત, પ્રામાણિક, કાર્યકુશળ એવા કાર્યાલય મંત્રીશ્રી મન્વેશભાઈ પટેલ અને આકાશભાઈ સોની તથા મંડળીના સેવક જીગરભાઈ રાવળનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

મંડળીને નિયમિત પ્રતિમાસ કરજ હપ્તાના ચેક આપવા બદલ માનનીય જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા શિક્ષણ શાખાના સર્વે સ્ટાફ મિત્રોનો હું આભાર વ્યક્ત કરું છું.

ધી. અમદાવાદ ડી.કો.ઓ. બેંક. લી. સેક્ટર-૧૬, ગાંધીનગર શાખાના મેનેજરશ્રી, બેંક ઈન્સ્પેક્ટરશ્રી તથા સર્વે બેંક સ્ટાફનો હું આભાર વ્યક્ત કરું છું.

માનનીય જિલ્લા રજિસ્ટ્રાર સાહેબે મંડળી પ્રત્યે દર્શાવેલ સહાનુભૂતિ અને સહકાર બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

સાથે મળીને સર્વોત્તમ કામ થઈ શકે તેવા ઉમદા હેતુ સાથે અમોએ શરૂ કરેલ મંડળીના વહીવટ અને પ્રગતિમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અમોને સાથ-સહકાર અને માર્ગદર્શન આપનાર નામી-અનામી સૌ કોઈનો આ તબક્કે આભાર વ્યક્ત કરું છું.

અંતમાં આપણી મંડળીનો મૂર્તિમંત્ર "સેવા સહકાર સદ્‌ભાવના...." સાથે પરસ્પર વિશ્વાસનો કોલ દઈ મને આપ સૌએ સેવા કરવાની તક આપી તે બદલ આપ સૌનો આભાર માની હું વિરમું છું.


"જય જય ગરવી ગુજરાત"

**મનુભાઈ લાલજીદાસ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## મંત્રીશ્રીનું નિવેદન

**સ્નેહી સભાસદ ભાઈ-બહેનો**

સૌને સ્નેહભર્યા નમસ્કાર



ભરતકુમાર દેવરામભાઈ ગોહિલ
મંત્રીશ્રી
ગાં.તા.પ્રા.શિ.શ.સ.મં.લી.,
ગાંધીનગર.

આપ સૌના સહિયારા પુરૂષાર્થ અને સહકારથી આપણી મંડળી સફળતાનાં નવા સોપાન સિધ્ધ કરી રહી છે. આ સફળતાની અનુભૂતિ આપણે સૌ માણી રહ્યા છીએ. આ સુખદ અનુભૂતિ સાથે ૫૦ વર્ષ પૂર્ણ કરી ૫૧માં મંગલવર્ષમાં પ્રવેશ કરેલ છે તો આ વર્ષે આપણે સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણી કરી રહ્યા છીએ. આપણી આ અવિરત યાત્રાનું શ્રેય આપ સૌને છે, તેવા સમયે આપ સૌ સમક્ષ ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષક શરાફી મંડળીની ૫૦મી વાર્ષિક સાધારણ સભામાં સને ૨૦૧૬-૧૭ નો વાર્ષિક અહેવાલ રજૂ કરતા હું ખુશી અને આનંદની લાગણી અનુભવી રહ્યો છું.

પ્રમુખશ્રીના નિવેદનમાં આપણી મંડળીનો પ્રગતિકારક અહેવાલ રજૂ કરેલ છે. ચાલુ વર્ષે મંડળીના મંત્રી તરીકેની મારી નિયુક્તિ કરી તે બદલ હું વ્યવસ્થાપક કમીટી તથા આપ સૌ સભાસદોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ચાલુ વર્ષે મંડળીએ દરેક સભાસદોને દસ લાખ સુધીનું ધિરાણ આપવાનું ચાલુ કરેલ છે. તથા ચાલુ વર્ષે પ્રિ-ગુણોત્સવમાં પેપર આપી બાળકોના સર્વાંગી વિકાસમાં સહભાગી થયેલ છે. ગાંધીનગર તાલુકાના તમામ શિક્ષક ભાઈઓ-બહેનોને મંડળી તરફથી માનનીય DPEO સાહેબશ્રીની સહીવાળુ ઓળખકાર્ડ આપવાનું નક્કી કરેલ છે.

સને ૨૦૧૬-૧૭ ના વર્ષનો અહેવાલ આપની સમક્ષ રજૂ કરેલ છે. અહેવાલના અભ્યાસ દ્વારા જણાશે કે મંડળીના વહીવટમાં ચોક્કસ દિશા આપીને મંડળીની પ્રગતિમાં હરણફાળ ભરી વિકાસના પંથે આગેકૂચ કરેલ છે. જે આપ સૌને અહેવાલના અભ્યાસ દ્વારા ખાતરી થશે. મંડળીની થાપણો રૂા. ૨૦,૭૦,૮૪,૯૫૦/- થઈ છે તે આપ સૌની શ્રધ્ધા અને વિશ્વાસના દર્શન કરાવે છે.

ફરજીયાત બચત વ્યાજ, વ્યાજ વળતર, નિવૃત્તિ ફાળો, ડેથફાળો અને સભાસદ વિદ્યાર્થી પ્રોત્સાહક ફંડ તથા સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવણીની કાચા નફામાંથી જોગવાઈ કર્યા બાદ ચોખ્ખો નફો રૂા. ૪૦,૬૮,૩૭૬/- નોંધાયેલ છે. ચાલુ વર્ષે વ્યવસ્થાપક કમિટિએ ફરજીયાત બચત પર ૮.૫૦% વ્યાજ, કરજ વ્યાજ વળતર પર ૧.૫૦% તેમજ શેર ડિવિડન્ડ ૮.૦૦% ની ભલામણ કરેલ હોઈ દરેક સભાસદને સંતોષ આપવાનો પ્રયત્ન કરેલ છે.

મને મંત્રીપદની પ્રેરણા આપનાર મંડળીના પૂર્વ પ્રમુખ/મંત્રીશ્રી તથા મારા પરમ મિત્ર મેરાજભાઈ રબારી તથા કારોબારી સભ્ય (ચિલોડા) હર્ષદભાઈ પટેલનો હું ઋણી છું. તેમજ મને સંપૂર્ણ સહકાર આપનાર મંડળીના તમામ કારોબારી સભ્યશ્રીઓ, મારી શાળાના આચાર્યશ્રી ચિત્તરંજન વરિયા, હુડકો ઝુંડાલ શાળાના આચાર્યશ્રી જયંતિભાઈ પ્રજાપતિ, અડાલજ પગાર કેન્દ્રના આચાર્યશ્રી રોમાબેન સેંદાણે, અડાલજ વિભાગની તમામ શાળાઓના આચાર્યશ્રીઓ,અડાલજ વિભાગના તમામ સભાસદશ્રીઓ તથા મારા મિત્ર સી.આર.સી. કો.ઓર્ડીનેટરશ્રી અમિતભાઈ પટેલનો ખૂબ જ આભારી છું.

મંડળીના વહીવટ કાર્યમાં સતત પ્રેમ, હૂંફ અને માર્ગદર્શન આપનાર મંડળીના પ્રમુખ શ્રી મનુભાઈ પટેલ તથા મંડળીની પ્રગતિ અને વિકાસનો ધ્યેય રાખનાર કર્તવ્યનિષ્ઠ ચિલોડાના કા. સભ્ય શ્રી હર્ષદભાઈ પટેલનું સતત હકારાત્મક માર્ગદર્શન અને ખૂબ જ ઉપયોગી નિવડ્યું છે. આપણી મંડળીને વફાદાર યુવાન અને ઉત્સાહી કાર્યાલય મંત્રીશ્રી મન્વેશભાઈ પટેલની નિષ્ઠાપૂર્વકની કામગીરી, તેમજ કાર્યાલય મંત્રીશ્રી આકાશભાઈ સોનીના ઉત્સાહભર્યા સહકારથી મારી મંત્રી તરીકેની જવાબદારી સારી રીતે નિભાવી શક્યો છું. તથા મંડળીમાં આવનાર તમામ સભાસદોને સ્વાગતમાં પાણી આપી સેવા આપનાર સેવક જીગરભાઈ રાવળનો હું આભાર વ્યક્ત કરૂ છું.

મંડળીને નિયમિત દર મહીને કપાતનો ચેક આપવા બદલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તથા શિક્ષણ શાખાના તમામ સ્ટાફ પરિવારનો હું આભાર વ્યક્ત કરૂ છું.

મંડળીના નાણાંકીય લેવડ-દેવડમાં માર્ગદર્શક શ્રી અમ.ડિ.કો.બેંક, સેક્ટર-૧૬, ગાંધીનગર શાખાના મેનેજરશ્રી, બેંક ઈન્સ્પેક્ટરશ્રી તથા બેંકના તમામ કર્મચારીગણનો હું આભાર વ્યક્ત કરૂ છું.

માનનીય જિલ્લા રજિસ્ટ્રાર સાહેબ ગાંધીનગર, તથા સમગ્ર રજિસ્ટ્રાર કચેરીનો સ્ટાફ, તથા જિલ્લા સહકારી સંઘના પ્રમુખશ્રી, બેંક ઈન્સ્પેક્ટરશ્રી, તથા બેંકના તમામ કર્મચારી ગણનો હું આભાર વ્યક્ત કરૂ છું.

અંતમાં મારા વહીવટકાળ દરમિયાન પૂરી નિષ્ઠાથી મંડળીના વિકાસ અને સભાસદોના હિતને ધ્યાનમાં રાખીને વહીવટને ગતિશીલ અને પારદર્શક બનાવવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. આપણી મંડળી હજુ પણ વધુ વિકાસોન્મુખ શિખરો સર કરે અને સભાસદ ભાઈ-બહેનોની કામધેનુ બની રહે એ જ અભ્યર્થના સાથે વિરમું છું.

**ભરતકુમાર દેવરામભાઈ ગોહિલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષના નફાની વહેંચણીનું ભલામણ પત્રક

| વિગત | જમા રૂપિયા | વિગત | ઉધાર રૂપિયા |
|---|---|---|---|
| ચોખ્ખો નફો | ૪૦,૬૮,૩૭૬/- | રીઝર્વ ફંડ ૨૫% | ૧૦,૧૭,૦૯૪/- |
| | | શેર ડિવિડન્ડ ૭% | ૨૯,૨૨,૭૪૫/- |
| | | શિક્ષણ ફાળો ૧.૫% | ૬૧,૦૨૬/- |
| | | સહકાર પ્રચાર | ૧૧,૦૦૦/- |
| | | ધર્માદા ફંડ | ૧૪,૦૦૦/- |
| | | ઘસારા ફંડ | ૧૧,૦૦૦/- |
| | | મકાન ફંડ | ૧૦,૦૦૦/- |
| | | શકમંદ | ૨૧,૦૦૦/- |
| | | ડી.વી.ઈકવી ફંડ | ૫૧૧/- |
| કુલ :- | ૪૦,૬૮,૩૭૬/- | કુલ.... | ૪૦,૬૮,૩૭૬/- |

## વહીવટી ખર્ચ

| વિગત | રૂપિયામાં |
|---|---|
| શ્રી પગાર ખાતે | ૪,૧૧,૬૦૦/- |
| શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૭,૩૦૦/- |
| શ્રી ભાડા ભથ્થા ખાતે | ૨૯,૫૭૦/- |
| શ્રી સરભરા ખર્ચ ખાતે | ૪૭,૯૯૯/- |
| શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૫૧,૯૬૧/- |
| શ્રી પરચૂરણ ખર્ચ ખાતે | ૬,૧૬૭/- |
| શ્રી પેટ્રોલ ખર્ચ ખાતે | ૨૨,૦૦૦/- |
| કુલ.... | ૬,૨૬,૫૯૭/- |

## તા. ૧-૪-૨૦૧૬ થી તા. ૩૧-૩-૨૦૧૭ સુધીની જનરલ તારીજ

| જમા રૂપિયા | ખાતાનું નામ | ઉધાર રૂપિયા |
|---|---|---|
| ૩૫,૬૪,૨૯,૯૯૨ | શ્રી અમ.ડી.બેન્ક કે.કે. ખાતે | ૩૫,૩૬,૬૨,૭૨૦ |
| ૨૮,૨૨,૮૯,૮૦૦ | શ્રી કરજ ખાતે | ૨૯,૩૭,૯૫,૧૦૦ |
| ૨૧,૨૨,૦૬,૫૦૦ | શ્રી થાપણ ખાતે | ૨૦,૮૨,૮૯,૧૦૦ |
| ૦ | શ્રી થાપણ વ્યાજ ખાતે | ૧,૬૯,૫૨,૯૦૦ |
| ૨,૭૧,૪૪,૬૪૮ | શ્રી કરજ વ્યાજ ખાતે | ૮૨,૧૭,૧૬૮ |
| ૬૧,૭૬,૮૦૦ | શ્રી શેર ફાળા ખાતે | ૬,૪૨,૬૧૦ |
| ૮૬,૨૦૦ | શ્રી સ્ટેમ્પ ખાતે | ૮૪,૦૦૦ |
| ૦ | શ્રી ભાડા ભથ્થા ખાતે | ૨૯,૫૭૦ |
| ૧,૧૮,૩૩,૫૦૦ | શ્રી ફરજીયાત બચત ખાતે | ૧૮,૭૯,૦૦૦ |
| ૫૯,૩૧,૩૭૨ | શ્રી ફરજીયાત બચત વ્યાજ ખાતે | ૪૬,૬૬,૪૨૨ |
| ૫,૬૦૦ | શ્રી સભાસદ ફી ખાતે | ૫,૬૦૦ |
| ૫,૮૦૦ | શ્રી ડેથફાળા ફી ખાતે | ૫,૮૦૦ |
| ૦ | શ્રી કર્મચારી વેતન ખાતે | ૪,૧૧,૬૦૦ |
| ૦ | શ્રી પેટ્રોલ એલાઉન્સ ખાતે | ૨૨,૦૦૦ |
| ૦ | શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૭,૩૦૦ |
| ૨૫૦ | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | ૬,૧૬૭ |
| ૦ | શ્રી સરભરા ખર્ચ ખાતે | ૪૭,૯૯૯ |
| ૦ | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૫૧,૯૬૧ |
| ૦ | શ્રી પોસ્ટેજ ખર્ચ ખાતે | ૧૦૦ |
| ૦ | શ્રી લવાજમ ખર્ચ ખાતે | ૨,૨૮૦ |
| ૧૭,૦૦૦ | શ્રી જનરલ સભા ખર્ચ ખાતે | ૧,૭૯,૯૧૨ |
| ૦ | શ્રી વીમા પેકેજ પોલીસી ખાતે | ૧૦,૦૮૩ |
| ૦ | શ્રી ટેલીફોન બીલ ખાતે | ૪,૬૬૫ |
| ૦ | શ્રી વીજળી બીલ ખાતે | ૮,૧૫૦ |
| ૫,૦૦૦ | શ્રી સહકાર પ્રચાર ફંડ ખાતે | ૭,૨૪૫ |
| ૦ | શ્રી અમદાવાદ ડિ.બેંક સી.સી. વ્યાજ ખાતે | ૧૫,૨૪૩ |
| ૫૨૬ | શ્રી શેર ડુપ્લીકેટ ફી ખાતે | ૦ |
| ૦ | શ્રી અમ.ડી. બેંક નોમીનલ સભાસદ ફી ખાતે | ૪૨૫ |
| ૫,૦૦૦ | શ્રી મકાન ફંડ (બિલ્ડીંગ ફંડ) ખાતે | ૧,૩૬૦ |
| ૦ | શ્રી મિલ્કત / પાણી વેરા ખાતે | ૬૬૭ |

પાછળ ચાલુ...

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## તા. ૧-૪-૨૦૧૬ થી તા. ૩૧-૩-૨૦૧૭ સુધીની જનરલ તારીજ

| જમા રૂપિયા | ખાતાનું નામ | ઉધાર રૂપિયા |
|---|---|---|
| ૨,૯૭,૦૦૦ | શ્રી ડેથબેનીફીટ યોજના ખાતે | ૪૫,૦૦૦ |
| ૫,૭૦,૦૦,૦૦૦ | શ્રી અમ.ડી. બેંક થાપણ ખાતે | ૭,૦૫,૦૦,૦૦૦ |
| ૨૫,૩૦,૮૩૬ | શ્રી અમ. ડી. બેંક થાપણ વ્યાજ ખાતે | ૦ |
| ૨૨૬ | શ્રી ડીવી. ઈક્વી. ફંડ ખાતે | ૦ |
| ૩,૦૭,૦૦૦ | શ્રી નિવૃતિ ફાળા યોજના ખાતે | ૨,૧૪,૦૦૦ |
| ૩,૦૦,૮૨૨ | શ્રી અમ.ડી. બેંક શેર ડીવીડન્ડ ખાતે | ૦ |
| ૦ | શ્રી અમ.ડી. બેંક, એસ.એમ.એસ. ચાર્જ ખાતે | ૧૫૩ |
| ૧૫,૦૦૦ | શ્રી ઘસારા ફંડ ખાતે | ૦ |
| ૨૧,૬૭,૧૦૮ | શ્રી સભાસદ શિક્ષક શેર ડિવીડન્ડ ખાતે | ૨૧,૭૦,૦૪૫ |
| ૦ | શ્રી ડેડસ્ટોક ખાતે | ૨૮,૨૧૪ |
| ૫,૦૦૦ | શ્રી ધર્માદા ફંડ ખાતે | ૧૩,૧૦૦ |
| ૦ | શ્રી નફા તોટા ખાતે | ૩૦,૩૭,૧૮૯ |
| ૭,૭૦,૬૯૭ | શ્રી રીઝર્વ ફંડ ખાતે | ૦ |
| ૪૫,૫૫૮ | શ્રી શિક્ષણ ફાળા ખાતે | ૪૫,૫૫૮ |
| ૩૫,૦૦૦ | શ્રી શકમંદ ફંડ ખાતે | ૦ |
| ૨૫,૦૦૦ | શ્રી કર્મચારી બોનસ ખાતે | ૩૪,૩૦૦ |
| ૦ | શ્રી અમ.ડી. બેંક ચેકબુક ખાતે | ૨,૮૮૦ |
| ૦ | શ્રી અમ.ડી. બેંક ફોલીઓ ચાર્જ ખાતે | ૯૧૨ |
| ૪૧,૦૦૦ | શ્રી વિદ્યાર્થી પ્રોત્સાહન ખાતે | ૧૫,૮૫૦ |
| ૧૩,૮૪,૦૦૦ | શ્રી સુવર્ણ જયંતિ મહોત્સવ ખાતે | ૧૧,૪૮૦ |
| ૪,૦૫,૭૦૬ | શ્રી કરજ વ્યાજ વળતર ખાતે | ૨,૫૪,૫૫૬ |
| ૦ | શ્રી કોમ્પ્યુટર ખર્ચ ખાતે | ૫૩,૯૩૫ |
| ૩,૬૦,૧૦,૦૬૮ | શ્રી અમ.ડી. બેંક સેવિંગ્સ ખાતા ખાતે | ૩,૮૧,૪૭,૭૫૪ |
| ૧,૪૭,૭૫૪ | શ્રી અમ. ડી. બેંક સેવિંગ્સ વ્યાજ ખાતે | ૦ |
| ૨૦૦ | શ્રી ચેક રીટર્ન ચાર્જ ખાતે | ૨,૯૯૦ |
| ૫,૪૦૦ | શ્રી સભાસદ/બિન સભાસદ લેવડ-દેવડ ખાતુ | ૦ |
| ૨૬,૪૦૯ | શ્રી ઉઘડતી સિલક | ૦ |
| ૦ | શ્રી બંધ સિલક | ૨૨,૭૦૯ |
| ૧,૦૦,૩૬,૫૭,૭૭૨ | કુલ | ૧,૦૦,૩૬,૫૭,૭૭૨ |

## તા. ૧-૪-૨૦૧૬ થી તા. ૩૧-૦૩-૨૦૧૭ સુધીની નફા-નુકશાનનું પત્રક

| ઉપજ | રૂપિયા | ખર્ચ | રૂપિયા |
|---|---|---|---|
| શ્રી કરજ વ્યાજ ખાતે | ૨,૭૧,૪૪,૬૪૮ | શ્રી કર્મચારી વેતન ખાતે | ૪,૧૧,૬૦૦ |
| શ્રી શેર ડુપ્લીકેટ ફી ખાતે | ૫૨૬ | શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૭,૩૦૦ |
| શ્રી સભાસદ અન્ય લેવડ દેવડ ખાતું | ૫,૪૦૦ | શ્રી ભાડા ભથ્થા ખાતે | ૨૯,૫૭૦ |
| શ્રી જનરલ સભા ડીપોઝીટ ખાતે | ૧૭,૦૦૦ | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | ૬,૧૬૭ |
| શ્રી અમ.ડી. બેંક શેર ડીવીડન્ડ ખાતે | ૩,૦૦,૮૨૨ | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૫૧,૯૬૧ |
| શ્રી પરચુરણ ખાતે | ૨૫૦ | શ્રી ટેલીફોન ખર્ચ ખાતે | ૪,૬૬૫ |
| શ્રી અમ.ડી.બેંક થાપણ વ્યાજ ખાતે | ૨૫,૩૦,૮૩૬ | શ્રી વીજળી બીલ ખાતે | ૮,૧૫૦ |
| શ્રી અમ.ડી.બેંક સેવિંગ્સ વ્યાજ ખાતે | ૧,૪૭,૭૫૪ | શ્રી થાપણ વ્યાજ ખાતે | ૧,૬૯,૫૨,૯૦૦ |
| શ્રી ચેક રીટર્ન ચાર્જ ખાતે | ૨૦૦ | શ્રી કરજ વ્યાજ ખાતે | ૮૨,૧૭,૧૬૮ |
| | | શ્રી સરભરા ખર્ચ ખાતે | ૪૭,૯૯૯ |
| | | શ્રી પેટ્રોલ એલાઉન્સ ખાતે | ૨૨,૦૦૦ |
| | | શ્રી જનરલ સભા ખર્ચ ખાતે | ૧,૭૯,૯૧૨ |
| | | શ્રી ચેકબુક ખાતે | ૨,૮૮૦ |
| | | શ્રી ADC SMS ચાર્જ ખાતે | ૧૫૩ |
| | | શ્રી ADC Folio ચાર્જ ખાતે | ૯૧૨ |
| | | શ્રી કેશ ક્રેડીટ વ્યાજ ખાતે | ૧૫,૨૪૩ |
| | | શ્રી વીમા પોલીસી ખર્ચ ખાતે | ૧૦,૦૮૩ |
| | | શ્રી મ.ન.પા. તથા અન્ય વેરા ખાતે | ૬૬૭ |
| | | શ્રી પોસ્ટેજ ખર્ચ ખાતે | ૧૦૦ |
| | | શ્રી લવાજમ ખાતે | ૨,૨૮૦ |
| | | શ્રી કોમ્પ્યુટર ખર્ચ /અન્ય ખર્ચ ખાતે | ૫૩,૯૩૫ |
| | | શ્રી ચેક રીટર્ન ચાર્જ ખાતે | ૨,૯૯૦ |
| | | શ્રી અમ.ડી. બેંક નોમિનલ ફી | ૪૨૫ |
| કુલ | ૩,૦૧,૪૭,૪૩૬ | કુલ | ૨,૬૦,૭૯,૦૬૦ |
| ખોટ | ૦ | નફો | ૪૦,૬૮,૩૭૬ |
| એકંદરે કુલ. | ૩,૦૧,૪૭,૪૩૬ | એકંદરે કુલ... | ૩,૦૧,૪૭,૪૩૬ |

**મનુભાઈ લાલજીદાસ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**ભરતકુમાર દેવરામભાઈ ગોહિલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## • તા. ૩૧-૩-૨૦૧૭ ના રોજનું સરવૈયું •

| દેવું-મિલકત | રૂપિયા | પુંજી લેણું | રૂપિયા |
|---|---|---|---|
| | — | શ્રી અમ.ડી.બેંક - સી.સી. ખાતે | ૫૪,૫૨,૧૫૦ |
| શ્રી થાપણ ખાતે | ૨૦,૭૦,૮૪,૯૫૦ | શ્રી કરજ ખાતે | ૨૮,૫૮,૮૧,૦૦૦ |
| શ્રી શેર ભંડોળ ખાતે | ૩,૬૫,૩૪,૩૧૦ | શ્રી ડેડસ્ટોક ખાતે | ૨,૯૨,૯૨૮ |
| શ્રી ડેથ બેનીફીટ યોજના ખાતે | ૭,૨૪,૦૦૦ | શ્રી કરજ સ્ટેમ્પ ખાતે | ૫,૪૦૦ |
| શ્રી ડીવી. ઈક્વી. ફંડ ખાતે | ૭૭,૮૩૧ | શ્રી ટેલિફોન ડીપોઝીટ ખાતે | ૬,૧૬૦ |
| શ્રી નિવૃત્તિ ફાળા યોજના ખાતે | ૪,૦૨,૧૨૦ | શ્રી ગા.તા.પ્રા.શિ. ગ્રાહક મંડળી ખાતે | ૫૨,૨૭૦ |
| શ્રી સભાસદ શેર ડીવીડન્ડ ખાતે | ૪,૧૯૬ | શ્રી અમ.ડી.બેંક શેર ફાળા ખાતે | ૨૦,૦૦,૦૦૦ |
| શ્રી વ્યાજ વળતર ખાતે | ૪,૨૬,૩૭૪ | શ્રી મકાન ખાતે | ૧૦,૦૩,૧૧૯ |
| શ્રી ઘસારા ફંડ ખાતે | ૪૩,૫૫૧ | શ્રી ગાં.જિ.મ. બેંક બોન્ડ ખાતે (સૂચિત) | ૨,૫૦૦ |
| શ્રી ધર્માદા ફંડ ખાતે | ૧૬,૧૬૧ | શ્રી અમ.ડી.બેંક સેવિંગ્સ ખાતા ખાતે | ૬૨,૫૪,૦૭૩ |
| શ્રી વિ.પ્રો.ફંડ ખાતે | ૯૮,૯૩૪ | શ્રી અમ. ડી. બેંક થાપણ ખાતે | ૩,૭૦,૦૦,૦૦૦ |
| શ્રી મકાન (બિલ્ડીંગ) ફંડ ખાતે | ૨,૭૧,૨૩૪ | શ્રી અમ.ડી. બેંક બોન્ડ ખાતે | ૧૫,૦૦,૦૦૦ |
| શ્રી રીઝર્વ ફંડ ખાતે | ૧,૨૧,૮૦,૮૦૮ | | |
| શ્રી વિદ્યાલક્ષ્મી બોન્ડ ખાતે | ૩૩,૯૦૦ | | |
| શ્રી સહકાર પચાર ફંડ ખાતે | ૩૪,૬૧૦ | | |
| શ્રી ફરજીયાત બચત ખાતે | ૬,૯૭,૮૦,૮૫૦ | | |
| શ્રી ફરજીયાત બચત વ્યાજ ખાતે | ૫૯,૬૭,૫૮૪ | | |
| શ્રી કર્મચારી બોનસ ખાતે | ૨૫,૦૦૦ | | |
| શ્રી સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવણી ખાતે | ૧૫,૭૨,૫૨૦ | | |
| શ્રી શકમંદ ખાતે | ૧,૨૫,૦૦૦ | | |
| | | શ્રી બંધ સિલક | ૨૨,૭૦૯ |
| કુલ | ૩૩,૫૪,૦૩,૯૩૩ | કુલ | ૩૩,૯૪,૭૨,૩૦૯ |
| નફો | ૪૦,૬૮,૩૭૬ | ખોટ | ૦ |
| એકંદરે કુલ | ૩૩,૯૪,૭૨,૩૦૯ | એકંદર કુલ | ૩૩,૯૪,૭૨,૩૦૯ |

**મનુભાઈ લાલજીદાસ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**ભરતકુમાર દેવરામભાઈ ગોહિલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

કાર્યાલય : પ્લોટ નં. ૧૬૨/૧, આનંદવાટિકા, સેક્ટર-૨૨, ગાંધીનગર, ફોન નં. (૦૭૯) ૦૨૩૨૨૫૭૩૨.

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી / મંત્રીશ્રી,
ગાંધીનગર તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## માનદ્ ઓડીટરશ્રીઓનો શેરો

શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળી લી.ના તા.૦૧/૦૪/૨૦૧૬ થી ૩૧/૦૩/૨૦૧૭ સુધીના તમામ હિસાબોનું ઓડીટ કરવામાં આવેલ છે. ઓડીટમાં તમામ જમા ઉધાર વાઉચરો, થાપણો જમા- ઉધાર, થાપણ દૈનિક સ્ટેટમેન્ટ, રોજમેળ, દૈનિક જમા પાવતી સ્ટેટમેન્ટ, જનરલ ખાતાવહી, થાપણ રજીસ્ટર, ચેકબુકો, બેંક પાસબુકો તથા બેંકનાં સ્ટેટમેન્ટની ચકાસણી કરવામાં આવેલ છે.

વહીવટી સૂચનાઓનું સ્પષ્ટીકરણ મંત્રીશ્રી તથા કાર્યાલય કર્મચારીશ્રીઓ સાથે કરવામાં આવી અને તેમાં જરૂરી સુધારા વધારા તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું. મંડળીનો વહીવટ ખૂબ જ કરકસર અને કુનેહપૂર્વક કરવામાં આવેલ જણાયો.

મંડળીનો વહીવટ સ્વચ્છ, સુંદર અને પારદર્શક ચાલે છે. તેમજ પ્રમુખશ્રી, મંત્રીશ્રી, કાર્યાલય કર્મચારીગણ અને કારોબારીના અન્ય સભ્યશ્રીઓની કામગીરી સારી જણાયેલ છે. મંડળી દિનપ્રતિદિન વિકાસોન્મુખ રીતે પ્રગતિ કરે અને તમામ સભાસદોને લાભ મળે તેવી શુભેચ્છા સહ....

**માનદ ઓડીટરશ્રીઓ :-**

(૧) શ્રી નીરૂબેન એન. પટેલ
અડાલજ વિભાગ

(૨) શ્રી દિનેશભાઈ સી. પટેલ
રાંધેજા વિભાગ

(૩) શ્રી પુષ્પાબેન કે. સોનારા
ડભોડા વિભાગ

તારીખ : ૧૦/૦૪/૨૦૧૭

---

## જનરલ સભા

- મંડળીને લગતા આપના સૂચનો તા.૨૦/૦૬/૨૦૧૭ સુધીમાં લેખિતમાં મોકલી આપશો. નિયત તારીખ પછી આ સૂચનો ધ્યાનમાં લેવાશે નહિ.
- **ખાસ નોંધ : જનરલ સભામાં હાજર રહેનાર ને જ ભાડું ચૂકવવામાં આવશે.**

## • નિવૃત્તિ ફાળો ચૂકવ્યાની યાદી •

તારીખ : ૦૧/૦૪/૨૦૧૬થી ૩૧/૦૩/૨૦૧૭ સુધી

| અ.નં. | સભાસદ શિક્ષકનું નામ | શાળા | ઠરાવ નં./તારીખ | ચૂકવ્યા તારીખ | રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | મિનાક્ષીબેન દશરથલાલ ત્રિવેદી | અડાલજ પ. કે. | ૪-૦૬/૦૬/૨૦૧૬ | ૦૬/૦૬/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૨ | વાસુદેવ નટવરલાલ રાવલ | જલુંદ | ૪-૦૬/૦૬/૨૦૧૬ | ૦૮/૦૬/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૩ | હેમલતાબેન ભગવાનદાસ બ્રહ્મક્ષત્રિય | પ્રાંતિયા | ૪-૦૬/૦૬/૨૦૧૬ | ૦૮/૦૬/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૪ | રંજનબેન નટવરલાલ ભાવસાર | પિરોજપુર | ૪-૦૬/૦૬/૨૦૧૬ | ૦૯/૦૬/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૫ | અનિતાબેન કેશવલાલ પટેલ | શિહોલી મોટી | ૪-૦૬/૦૬/૨૦૧૬ | ૧૪/૦૬/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૬ | કપિલાબેન જગદીશચંદ્ર પટેલ | વલાદ પ.કે. | ૪-૦૭/૧૧/૨૦૧૫ | ૦૫/૦૮/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૭ | હર્ષિદાબેન શાંતિલાલ પંડ્યા | સુઘડ | ૪-૧૫/૧૧/૨૦૧૬ | ૧૫/૧૧/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૮ | લક્ષ્મીબેન નાથુભાઈ પ્રજાપતિ | અડાલજ કન્યા | ૪-૧૫/૧૧/૨૦૧૬ | ૧૯/૧૧/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૯ | ઈન્દિરાબેન કાન્તિલાલ પટેલ | શેરથાપરા | ૪-૧૫/૧૧/૨૦૧૬ | ૨૧/૧૧/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૧૦ | આશાપુરીબેન નટવરલાલ નાયક | સો.ગ. કુમાર | ૪-૧૫/૧૧/૨૦૧૬ | ૧૯/૧૧/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૧૧ | જ્યોત્સનાબેન મણીલાલ પટેલ | સો.ગ. કન્યા | ૪-૧૫/૧૧/૨૦૧૬ | ૧૯/૧૧/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૧૨ | સરોજબેન ભલાભાઈ પટેલ | અડાલજ કન્યા | ૪-૧૫/૧૧/૨૦૧૬ | ૨૧/૧૧/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૧૩ | રેવાબેન રામજીભાઈ સોલંકી | રણાસણ | ૪-૧૫/૧૧/૨૦૧૬ | ૦૮/૧૨/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૧૪ | વીણાબેન કાન્તિલાલ પટેલ | પેથાપુર પ.કે. | ૪-૧૫/૧૧/૨૦૧૬ | ૦૨/૧૨/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૧૫ | લલિતાબેન જેઠાભાઈ પટેલ | ઝુંડાલ | ૪-૧૫/૧૧/૨૦૧૬ | ૨૪/૧૧/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૧૬ | કમળાબેન મૂળજીભાઈ સોલંકી | ચાંદખેડા પ. કે. | ૪-૧૫/૧૧/૨૦૧૬ | ૦૯/૧૨/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૧૭ | કાન્તાબેન અંબાલાલ પટેલ | જલુંદ | ૪-૧૫/૧૧/૨૦૧૬ | ૧૩/૧૨/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૧૮ | સાકરબેન અંબાલાલ પટેલ | વડોદરા | ૪-૧૫/૧૧/૨૦૧૬ | ૧૪/૧૨/૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૧૯ | હંસાબેન ભલાભાઈ પટેલ | ચિ.બા.કન્યા | ૪-૧૫/૧૧/૨૦૧૬ | ૨૭/૦૧/૨૦૧૭ | ૧૧,૦૦૦ |
| ૨૦ | ભાવનાબેન રમણલાલ ડોંગરે | અડાલજ પ.કે. | ૪-૦૭/૦૧/૨૦૧૭ | ૧૨/૦૧/૨૦૧૭ | ૧૧,૦૦૦ |
| | | | | કુલ | ૨,૧૪,૦૦૦ |

**મનુભાઈ લાલજીદાસ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**ભરતકુમાર દેવરામભાઈ ગોહિલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.



## • સન્માનનીય નિવૃત્ત શિક્ષકોની યાદી •



**તારીખ : ૦૧/૦૬/૨૦૧૬ થી ૩૧/૦૫/૨૦૧૭ સુધી**

| ક્રમ | શિક્ષકશ્રીનું નામ | શાળા | તારીખ | વય નિવૃત્તિ |
|---|---|---|---|---|
| ૧ | હર્ષિદાબેન શાંતિલાલ પંડ્યા | સુઘડ | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૨ | સુલોચનાબેન ગજાનન કાળે | ચિલોડા પ. કે. | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૩ | લક્ષ્મીબેન નાથુભાઈ પ્રજાપતિ | અડાલજ કન્યા | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૪ | ઈન્દિરાબેન કાન્તિલાલ પટેલ | શેરથાપરા | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૫ | આશાપુરીબેન નટવરલાલ નાયક | સો.ગ. કુમાર | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૬ | સવિતાબેન ભીખાભાઈ પરમાર | શેરથા પ.કે. | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૭ | જ્યોત્સનાબેન મણીલાલ પટેલ | સો.ગ. કન્યા | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૮ | સરોજબેન ભલાભાઈ પટેલ | અડાલજ કન્યા | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૯ | રેવાબેન રામજીભાઈ સોલંકી | રણાસણ | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૧૦ | વીણાબેન કાન્તિલાલ પટેલ | પેથાપુર પ..કે. | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૧૧ | લલિતાબેન જેઠાભાઈ પટેલ | ઝુંડાલ | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૧૨ | પુષ્પાબેન લાલભાઈ પરમાર | મોટેરા કુમાર | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૧૩ | કમળાબેન મુળજીભાઈ સોલંકી | ચાંદખેડા પ.કે. | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૧૪ | કાન્તાબેન અંબાલાલ પટેલ | જલુંદ | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૧૫ | સાકરબેન અંબાલાલ પટેલ | વડોદરા | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૧૬ | હંસાબેન ભલાભાઈ પટેલ | ચિ.બા. કન્યા | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૧૭ | ભાવનાબેન રમણલાલ ડોંગરે | અડાલજ પ.કે. | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૧૮ | અલકાબેન જીતેન્દ્રકુમાર જોષી | આલમપુર | ૩૧-૧૦-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૧૯ | પ્રવિણાબેન કેશવલાલ પટેલ | ભાઈજીપુરા | ૩૧-૫-૨૦૧૭ | વય નિવૃતિ |
| ૨૦ | સુશીલાબેન દેવકરણભાઈ પટેલ | ફૂલપુરા | ૩૧-૫-૨૦૧૭ | વય નિવૃતિ |
| ૨૧ | પુષ્પાબેન સોમાભાઈ સોલંકી | પેથાપુર કુમાર-૩ | ૩૧-૫-૨૦૧૭ | વય નિવૃતિ |
| ૨૨ | પુષ્પાબેન બેચરભાઈ પરમાર | લક્ષ્મીનગર | ૩૧-૫-૨૦૧૭ | વય નિવૃતિ |
| ૨૩ | સુશીલાબેન મફતલાલ પટેલ | ચાંદખેડા પ.કે. | ૩૧-૫-૨૦૧૭ | વય નિવૃતિ |
| ૨૪ | મધુકાન્તાબેન રામાભાઈ પટેલ | મોટેરા કન્યા | ૩૧-૫-૨૦૧૭ | વય નિવૃતિ |
| ૨૫ | | | | |


## પ્રવર્તમાન વ્યાજના દર

| | | |
|---|---|---|
| થાપણ | ૧ વર્ષની મુદત માટે ૭.૫૦% | નોંધ : પાકતી તારીખ પહેલા અથવા પાકતી તારીખ પછી થાપણ વટાવવામાં આવશે તો તેટલા મહિનાનું ૩.૬૦% પ્રમાણે વ્યાજ ચૂકવવામાં આવશે. |
| કરજ લોન | ૯.૦૦ % | |

## પ્રોત્સાહક ઈનામ મેળવવા માટે.... (તમામ અભ્યાસક્રમ માટે)

- માર્કશીટની ઝેરોક્ષ પાછળ નીચે પ્રમાણે વિગત લખવી.
  સભાસદની વિગત લખવી. (નામ, શાળા, મોબાઈલ નંબર તથા તારીખ)
  સંતાનની વિગત લખવી. (નામ, અભ્યાસ, ટકા, માધ્યમ)
- ચાલુ વર્ષે ૧૬/૦૬/૨૦૧૬ થી ૨૦/૦૬/૨૦૧૭ સુધીની માર્કશીટ આપવી.
- તા. ૨૦/૦૬/૨૦૧૭ પછી માર્કશીટની નકલ સ્વીકારવામાં આવશે નહીં.
- ધોરણ-૧૦ અને ૧૨ માં પર્સેન્ટાઈલ ગણવામાં આવશે નહીં.
- દરેક શાખામાં ત્રણ નંબર આપવામાં આવશે. (ધોરણ-૧૦ /૧૨ વિ.પ્ર./ ૧૨ સા.પ્ર./ડિગ્રી એન્જિનિયરીંગ )
- મેડીકલની ડિગ્રી ક્લીયર કરેલ તમામ વિદ્યાર્થીઓ
- SSC/HSC (સામાન્ય પ્રવાહ) ૭૦% થી વધુ તથા HSC (વિજ્ઞાન પ્રવાહ) ૬૦% થી વધુ હોવા જરૂરી છે.
- તા. ૨૦/૦૬/૨૦૧૭ પછીની માર્કશીટ આવતા વર્ષે આપવી.
- પ્રોત્સાહક ઈનામની રકમ જે તે સભાસદની શાળાએ મોકલી આપવામાં આવશે.

## પંચવર્ષીય નફાનો ગ્રાફ



## • ખાસ સૂચના •

### કરજ

- કરજ લોન લેતી વખતે અરજદારે ૧ નંગ સેલેરી એકાઉન્ટનો મંડળીના નામનો સિક્યોરીટી ચેક આપવાનો રહેશે. (સેલેરી એકાઉન્ટનો CTS ચેક)
- ૨ નંગ રેવન્યુ ટીકીટ સાથે લાવવાની રહેશે.
- ૧૦% શેર ફાળો ફરજીયાત કાપવામાં આવશે.
- કરજ લેનાર સભાસદે પોતાના પગાર કેન્દ્રના સભાસદોને જ જામીનદાર રાખવા હિતાવહ છે.
- સંપૂર્ણ ફોર્મ ભરેલ હશે તો જ સ્વીકારવામાં આવશે.
- એક વખત લોન લીધી હોય તેમને બીજી વખત લોન લેવા માટે ઓછામાં ઓછા દસ હપ્તા ભરાયેલા હોવા જરૂરી છે.
- **મળવાપાત્ર કરજ લોન**

| | | |
|---|---|---|
| ૧ | વિદ્યાસહાયક | ૩,૫૦,૦૦૦/- |
| ૨ | વિદ્યાસહાયક સિવાય તમામ | ૧૦,૦૦,૦૦૦/- |

- નિવૃત્તિનો સમયગાળો ૩ વર્ષથી ઓછો હોય તેમને નિવૃત્તિના જેટલા મહિના બાકી હોય તેટલા રૂા. ૧૫,૦૦૦ના ગુણાંકમાં લોન મળવાપાત્ર રહેશે. દા.ત. ૧૫ મહિના બાકી છે. તો ૧૫ X ૧૫,૦૦૦ = ૨,૨૫,૦૦૦ રૂા. મળવાપાત્ર થાય.

### થાપણ

- થાપણ રસીદ રીન્યુ કરાવા આવો ત્યારે રેવન્યુ ટીકીટ લગાવી જે તે ખાતાધારકની સહી કરાવીને જ આવવું.
- પાકતી તારીખે અથવા અધવચ્ચે રસીદ વટાવતી વખતે જે ખાતાધારકના નામનો મંડળી તરફથી A/c Pay ચેક જ આપવામાં આવશે.

### ચેક

- મંડળીમાં કરજ લોનમાં જમા કરતી વખતે અથવા નવી થાપણ રસીદ બનાવતી વખતે ફરજીયાત ચેક જ આપવાનો રહેશે.
- CTS 2010 લખેલ ચેક જ સ્વીકારવામાં આવશે. જો આપનો ચેક CTS 2010 ના હોય તો જે તે બેંકમાંથી નવી ચેકબુક મેળવી લેવી.
- મંડળીમાં આપવાનો ચેક A/c Pay કરી નીચે મુજબ લખવાનો રહેશે. "ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિ.શ.સ.મં.લી."
- એડવાન્સમાં ચેક કે થાપણ રસીદ લેવામાં આવશે નહીં.
- કરજ/થાપણમાં ચેક જે તે સભાસદના ખાતાનો જ સ્વીકારામાં આવશે. અન્ય પાર્ટીનો ચેક સ્વીકારવામાં આવશે નહીં.
- કોઈપણ સંજોગોમાં ચેક રીટર્ન થાય તો મંડળી પોતાના નિયમ મુજબ ચેક રીટર્ન ચાર્જ જે તે સભાસદ પાસેથી વસુલ કરવામાં આવશે. (હાલનો ચાર્જ ૨૦૦/-)

### કાર્યાલય સમય

- સોમવારથી શનિવાર : ૯:૩૦ થી ૩:૦૦ સુધી
- ૩:૦૦ વાગ્યા પછી ફોર્મ લેવું, રસીદ રીન્યૂ કે અન્ય નાણાકીય લેવડ-દેવડ અંગેનું કોઈપણ કામ કરવામાં આવશે નહિ.
- કાર્યાલય બીજા તથા ચોથા શનિવારે, દર રવિવાર, બેંકીગ રજા તથા બંધનું એલાન હોય ત્યારે બંધ રહેશે.

ઉપરોક્ત સૂચનો / નિયમો પરિસ્થિતિને અનુસંધાન કારોબારી ફેરફાર કરી શકે છે.

## શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી., ગાંધીનગર.

### ● પંચવર્ષીય પ્રગતિના આંકડા ●

| ક્રમ | વિગત | ૩૧-૦૩-૨૦૧૩ | ૩૧-૦૩-૨૦૧૪ | ૩૧-૦૩-૨૦૧૫ | ૩૧-૦૩-૨૦૧૬ | ૩૧-૦૩-૨૦૧૭ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઓડીટ વર્ગ | અ | અ | અ | ઓડિટ બાકી | ઓડિટ બાકી |
| ૨ | સભાસદ સંખ્યા | ૧,૧૭૯ | ૧,૧૯૦ | ૧,૧૮૫ | ૧,૧૯૦ | ૧,૨૧૫ |
| ૩ | શેરભંડોળ | ૨,૩૫,૩૫,૧૨૦ | ૨,૪૪,૭૦,૮૪૦ | ૨,૪૭,૩૭,૬૨૦ | ૩,૧૦,૦૦,૧૨૦ | ૩,૬૫,૩૪,૩૧૦ |
| ૪ | કરજ ધીરાણ (વર્ષ દરમ્યાન) | ૨૩,૭૫,૫૩,૦૦૦ | ૨૫,૭૦,૯૩,૦૦૦ | ૧૯,૪૭,૯૯,૫૦૦ | ૨૫,૧૩,૮૦,૦૦૦ | ૨૯,૩૭,૯૫,૧૦૦ |
| ૫ | કરજ વસુલ (વર્ષ દરમ્યાન) | ૨૧,૦૬,૮૨,૨૦૦ | ૨૫,૦૪,૦૩,૦૦૦ | ૨૦,૯૧,૯૯,૩૦૦ | ૨૩,૬૦,૨૦,૪૦૦ | ૨૮,૨૨,૮૯,૮૦૦ |
| ૬ | કરજ બાકી (૩૧ માર્ચના રોજ) | ૨૬,૬૭,૨૫,૯૦૦ | ૨૭,૩૪,૧૫,૯૦૦ | ૨૫,૯૦,૧૬,૧૦૦ | ૨૭,૪૩,૭૫,૭૦૦ | ૨૮,૫૮,૮૧,૦૦૦ |
| ૭ | રીઝર્વ ફંડ | ૯૩,૧૪,૧૬૬ | ૯૯,૮૧,૬૪૧ | ૧,૦૬,૯૩,૭૨૯ | ૧,૧૪,૧૦,૧૧૧ | ૧,૨૧,૮૦,૮૦૮ |
| ૮ | થાપણ | ૧૮,૯૧,૦૭,૭૫૦ | ૧૯,૧૬,૬૧,૮૫૦ | ૨૦,૦૪,૫૭,૧૦૦ | ૨૦,૩૧,૬૭,૫૫૦ | ૨૦,૭૦,૮૪,૯૫૦ |
| ૯ | વહીવટી ખર્ચ | ૬,૯૨,૫૧૦ | ૭,૮૩,૨૦૪ | ૭,૧૬,૨૩૬ | ૬,૧૨,૯૯૪ | ૬,૨૬,૫૯૭ |
| ૧૦ | નફો | ૨૬,૧૪,૩૦૨ | ૨૮,૦૯,૯૫૨ | ૨૮,૨૫,૧૨૭ | ૩૦,૩૭,૧૮૯ | ૪૦,૬૮,૩૭૬ |
| ૧૧ | શેર ડિવિડન્ડ | ૧૮,૮૨,૮૧૦ | ૧૯,૫૭,૬૬૭ | ૧૯,૭૯,૦૦૯ | ૨૧,૬૭,૧૦૮ | ૨૯,૨૨,૭૪૫ |
| ૧૨ | બેંક ખાતે જમા | −૨,૭૭,૭૫૨ | ૩૯,૩૬,૭૮૧ | ૭૩,૪૪,૨૭૬ | ૮૨,૧૯,૪૨૨ | ૫૪,૫૨,૧૫૦ |
| ૧૩ | વાર્ષિક ટર્ન ઓવર | ૬૬,૭૯,૭૩,૭૯૩ | ૭૬,૧૮,૬૨,૪૬૧ | ૭૭,૧૯,૧૧,૯૮૭ | ૮૬,૪૨,૨૧,૭૯૨ | ૧,૦૦,૩૬,૫૭,૭૭૨ |
| ૧૪ | કરજ વ્યાજ વળતર | ૧૦,૫૨,૯૨૩(૪%) | ૦ | ૩,૯૯,૫૫૧ (૧.૫%) | ૨,૫૬,૫૨૨ (૧%) | ૪,૦૫,૭૦૬ (૧.૫%) |
| ૧૫ | ફરજીયાત બચત | ૩,૭૯,૬૧,૩૦૦ | ૪,૫૫,૪૧,૭૦૦ | ૫,૪૧,૯૭,૮૦૦ | ૫,૯૮,૨૬,૩૫૦ | ૬,૯૭,૮૦,૮૫૦ |
| ૧૬ | શેર ડિવીડન્ડ (ટકામાં) | ૮.૦૦% | ૮.૦૦% | ૮.૦૦% | ૭.૦૦% | ૮.૦૦% |
| ૧૭ | ફરજીયાત બચત વ્યાજ | ૧૩.૦૦% | ૧૧.૦૦% | ૯.૫૦% | ૭.૮૦% | ૮.૫૦% |

**મનુભાઈ લાલજીદાસ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**ભરતકુમાર દેવરામભાઈ ગોહિલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

### આંતરિક ઓડીટરશ્રી



**નીરૂબેન નંદુભાઈ પટેલ**
અડાલજ વિભાગ



**દિનેશભાઈ ચતુરભાઈ પટેલ**
રાંધેજા વિભાગ



**પુષ્પાબેન કલ્યાણજીભાઈ સોનારા**
ડભોડા વિભાગ

### કાર્યાલય કર્મચારીગણ



**મન્વેશકુમાર આર. પટેલ**
કાર્યાલય મંત્રી



**આકાશ ડી. સોની**
કાર્યાલય મંત્રી



**જીગર એમ. રાવળ**
સેવક

Website : www.gtpsssml.co.in

E-mail : gtpsssml@gmail.com

Facebook : www.facebook.com/gtpsml

# હક અને ફરજ

- આ સંસ્થા તમારી છે તેને વફાદાર રહેશો.
- તમારી સંસ્થાના તમો માલિક છો, તો માલિક તરીકે વર્તીને માલિકની ફરજ બજાવો.
- સંસ્થાની સફળતા અને નિષ્ફળતાના આધારિત તમે જ છો તે યાદ રાખો.
- આપને સહકાર આપવો અમારી ફરજ છે અને આપની પાસેથી યોગ્ય વર્તનની અપેક્ષા છે.



## શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ

આપણે સાચી પરિસ્થિતિ સમજી લઈ સરકાર ઉપર આધાર રાખવાનું છોડી દઈ આપણી જવાબદારીઓ આપણે પોતે જ ઉપાડતા અને લોકોને તે ઉપાડી લેવાનું સમજાવતા થઈ જવું જોઈએ.

સંગઠન વિનાનું સંખ્યાબળ એ બળ નથી. સૂતરના બારીક તાર જુદા જુદા હોય છે, પણ જ્યારે મોટી સંખ્યામાં ભેગા થઈને મહોબત કરે છે, તાણા વાણામાં વણાઈને કપડાનું રૂપ લે છે ત્યારે એની મજબૂતી, સુંદરતા અને ઉપયોગીતા અદ્‌ભૂત બની જાય છે. આપણું ધ્યેય શુદ્ધ હોય ત્યારે આપણી ત્રુટીઓ સુધારવાનો આપણે હંમેશા પ્રયત્ન કરવો જોઈએ.


મનુભાઈ લાલજીદાસ પટેલ
પ્રમુખશ્રી
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.


**Book Post**

પ્રતિશ્રી,

રવાના


**શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.**
૧૯૨/૧, આનંદ વાટિકા, સેક્ટર-૨૨, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૫૭૩૨